# દેવદૂતો
## ફાધર વગીર્સ પૉલ

બાઇબલના પ્રથમ ગંથ 'ઉત્પત્તિ'થી માંડી છેલ્લા ગંથ 'દર્શન' સુધી દેવદૂતો અનેકવાર બાઇબલમાં દેખા દે છે. પરંતુ ફકત ત્રણ જ દેવદૂતોને નામથી ઓળખવામાં આવે છે : ગાબ્રિયેલ, મિખાયેલ અને રાફાયેલ. તેમને ત્રણ "મુખ્ય દેવદૂતો" પણ કહેવામાં આવે છે.

દેવદૂતો અંગેની માન્યતા ઈસુના જન્મની ઘણી સદીઓ પહેલાં યહૂદી પ્રજામાં તેમ અન્ય પ્રજાઓમાં તેમજ વિવિધ સંસ્કૃતિઓમાં જોવા મળે છે.

આ નિબંધમાં આપણે મુખ્યત્વે નવા કરારના અને એમાં ચાર શુભસંદેશમાં આવતા દેવદૂતોની વાત કરીએ છીએ. આપણી વચ્ચે "દેવદૂતો"ના અસ્તિત્વને નકારતા કે અસ્તિત્વ અંગે પ્રશ્ન ઉઠાવતા લોકો છે. પરંતુ નવા કરારમાં દેવદૂતોના અસ્તિત્વને સ્વીકારી લેવામાં આવે છે. કોઇ સર્વ સામાન્ય વાત હોય એ રીતે નવો કરારમાં દેવદૂતોની વાત કરવામાં આવે છે.

આપણે જોઇ શકીએ છીએ કે ઈસુના જીવનમાં દેવદૂતોની વાત અવારનવાર આવ્યા કરે છે. ઈસુના જીવનના નિર્ણયાત્મક પ્રસંગોમાં દેવદૂતો દેખા દે છે.

લૂકકૃત શુભસંદેશમાં જણાવવામાં આવે છે તેમ, યરૂશાલેમના મંદિરમાં ધૂપ દેવાનું કામ પુરોહિત ઝખરિયાના ભાગે આવ્યું. લૂકે આ પ્રસંગને આબેહૂબ રીતે વર્ણવ્યો છે. વેદીની જમણી બાજુએ ઊભેલા ઝખરિયાને દર્શન દઇને દેવદૂતે તેને કહ્યું, "ગભરાઇશ નહિ, ઝખરિયા, કારણ, ભગવાને તારી અરજ સાંભળી છે; તારી પત્ની એલિસાબેતને પુત્ર અવતરશે, અને તું તેનું નામ યોહાન પાડજે" (લૂક ૧,૧૩).

પરંતુ ઝખરિયાને દેવદૂતની ભવિષ્યવાણીમાં વિશ્વાસ બેઠો નહિ. એટલે તેમણે દેવદૂતને પૂછયું "મને કેમ એનો વિશ્વાસ પડે? કારણ, હું ઘરડો થયો છું, અને મારી પત્નીની ઉંમર પણ ઘણી થઇ છે" (લૂક ૧, ૧૮)

"દેવદૂતે તેને જવાબ આપ્યો, 'હું ઈશ્વરની હજૂરમાં ખડો રહેનાર ગાબ્રિયેલ છું. તારી સાથે વાત કરવા અને તને ખુશખબર આપવા મને મોકલવામાં આવ્યો છે' (લૂક ૧, ૧૯).

જેમ સ્નાનસંસ્કારક યોહાન જન્મની વાત દેવદૂત ગાબ્રિયેલે ભાખી હતી. તેમાં ખુદ ઈસુના જન્મની વધામણી પણ દેવદૂત ગાબ્રિયેલ કરે છે. લૂકે વધામણીનું સરસ વર્ણન કર્યું છે.

"છઠ્ઠે મહિને ઇશ્વરે દેવદૂત ગાબ્રિયેલને ગાલીલ પ્રાંતના નાસરેથ નામે ગામમાં એક કન્યા પાસે મોકલ્યો. કન્યાનું નામ મરિયમ હતું અને તેમના વિવાહ દાવિદના વંશજ યો`સેફ નામના માણસ સાથે થયા હતા. દેવદૂતે તેમની પાસે અંદર જઇને કહ્યું, 'પ્રણામ, તારી ઉપર પ્રભુની કૃપા ઊતરી છે, પ્રભુ તારી સાથે છે.'

"આ વચન સાંભળીને તેઓ ક્ષોભ પામ્યાં અને વિચાર કરવા લાગ્યાં કે, આ તે કેવા પ્રકારના પ્રણામ! ત્યારે દેવદૂતે તેમને કહ્યું 'ગભરાઇશ નહિ, મરિયમ, કારણ, ઇશ્વર તારા ઉપર પ્રસન્ન થયા છે. જો, તને ગર્ભ રહેશે અને એક પુત્ર અવતરશે, તેનું નામ તું ઇસુ રાખજે. એ મહાન હશે અને પરાત્પરનો પુત્ર કહેવાશે; પ્રભુ પરમેશ્વર તેને તેના પૂર્વજ દાવિદનું રાજસિંહાસન આપશે અને તે યુગોના યુગો સુધી ઇસાયલની પ્રજા ઉપર રાજય કરશે; તેના રાજયનો અંત આવશે નહિ.'

"મરિયમે દેવદૂતને કહ્યું, 'એ શી રીતે બનશે? હું તો પતિગમન કરતી નથી.'

"દેવદૂતે જવાબ આપ્યો, 'પવિત્ર આત્મા તારા ઉપર ઊતરશે અને પરાત્પરનો પ્રભાવ તને છાઇ દેશે, અને એ જ કારણથી જે પવિત્ર પુત્ર અવતરશે તે 'ઇશ્વરપુત્ર' કહેવાશે. અને જો, તારી સગી એલિસાબેતને પણ ઘડપણમાં ગર્ભ રહ્યો છે, અને જે વાંઝણી કહેવાતી હતી એને અત્યારે છઠ્ઠો મહિનો ચાલે છે, કારણ, ઇશ્વરને કશું અશકય નથી.'

"મરિયમે કહ્યું, 'હું તો ઇશ્વરની દાસી છું. તારી વાણી મારે વિશે સાચી પડો ' " (લૂક ૧, ૨૬-૩૮).

મરિયમને મળેલી વધામણી પછી એમનો સહવાસ પહેલાં મરિયમના પતિ યૉસેફને માલૂમ પડ્યું કે મરિયમને પવિત્ર આત્માના પ્રભાવથી ગર્ભ રહ્યો છે. આ વાત માથ્થીકૃત શુભસંદેશમાંથી આપણને જાણવા મળે છે. માથ્થી લખે છે,

"તેમના પતિ યોસેફ ધર્મિષ્ઠ માણસ હતા અને તેમને ઉઘાડાં પાડવા ઇચ્છતા ન હતા, એટલે તેમની ઇચ્છા કશી હોહા વગર તેમને છૂટાં કરવાની હતી. તેઓ એ વાતનો વિચાર કરતા હતા એવામાં એક દેવદૂતે તેમને સ્વપ્નમાં દર્શન દઇને કહ્યું, 'હે દાવિદપુત્ર યોસેફ, તારી પત્ની મરિયમને ઘેર તેડી લાવતાં ડરીશ નહિ. એને જે ગર્ભ રહ્યો છે તે પવિત્ર આત્માના પ્રભાવથી રહ્યો છે. તેને પુત્ર અવતરશે અને તું તેનું નામ ઇસુ પાડજે, કારણ, તે પોતાની પ્રજાને પાપમાંથી મુકિત આપનાર છે.'

"પ્રભુએ પયગંબરમુખે કરેલી ભવિષ્યવાણી સાચી પડે એટલા માટે આ બધું બન્યું. તેણે ભાખ્યું હતું કે, 'કુંવારી કન્યાને ગર્ભ રહેશે, અને તે પુત્રને જન્મ આપશે અને લોકો તેનું નામ ઇમાનુએલ એવું પાડશે.' ઇમાનુએલ એટલે 'ઇશ્વર આપણી સાથે છે.'

"યોસેફે ઊંઘમાંથી ઊઠીને દેવદૂતના કહ્યા પ્રમાણે કર્યું. તેઓ પોતાની પત્નીને ઘરે તેડી ગયા. તેમનું ગમન થયા વગર મરિયમને પુત્ર અવતર્યો અને યોસેફે તેનું નામ ઇસુ પાડયું' " (માથ્થી ૧, ૧૯-૨૫).

લૂકકૃત શુભસંદેશમાં પાછા જઇએ તો ત્યાં ઈસુના જન્મ વખતે એ વધામણી દેવદૂતો એ ભરવાડોને આપે છે.

"એ પ્રદેશમાં ખુલ્લા મેદાનમાં રહેતા કેટલાક ભરવાડો રાતે વારાફરતી પોતાનાં ઘેટાંની ચોકી કરતા હતા. અચાનક પ્રભુનો એક દૂત તેમની આગળ પ્રગટ થયો અને તેમની આસપાસ પ્રભુની પ્રભા ઝળહળવા લાગી. આથી તેઓ ખૂબ ભયભીત થઇ ગયા, પણ દેવદૂતે તેમને કહ્યું, 'બીશો નહિ; સાંભળો, હું તમને ભારે આનંદના શુભસમાચાર આપવા આવ્યો છું. આખી પ્રજાને પણ એથી આનંદ આનંદ થઇ રહેશે; આજે દાવિદના નગરમાં તમારો મુકિતદાતા અવતર્યો છે. એ જ ખ્રિસ્ત અને પ્રભુ છે. એની એંધાણી એ કે, તમે એક બાળકને કપડામાં લપેટીને ગમાણમાં સુવાડેલો જોશો.' "(લૂક ૨, ૮-૧૨)

લૂક વધુમાં નોંધે છે, "પલકારામાં એ દેવદૂતની સાથે બીજા સ્વર્ગીય દૂતોનો સમૂહ ઇશ્વરની સ્તુતિ ગાતો નજરે પડયો, 'પરમધામમાં ઇશ્વરનો મહિમા, અને પૃથ્વી ઉપર ઇશ્વરના પ્રીતિપાત્ર માણસોમાં શાંતિ! પછી દેવદૂતો તેમની આગળથી સ્વર્ગમાં પાછા ચાલ્યા ગયા' " (લૂક ૨, ૧૩-૧૫).

માથ્થીકૃત શુભસંદેશમાં આપણને બેથલેહેમમાં ઈસુના જન્મ વખતે એમના દર્શને આવેલા પૂર્વના પંડિતોની વાત મળે છે. પંડિતોને યરુશાલેમમાં રાજા હેરોદ પાસેથી જાણ્યું હતું કે પયગંબરોએ ભાખ્યા મુજબ ઈસુનું જન્મસ્થળ બેથલેહેમ છે. પરંતુ હેરોદ આગહભરી રીતે કહેવા છતાં પંડિતઓ હેરોદને ઈસુની બાતમી આપ્યા વિના ઈશ્વરની પ્રેરણાથી બીજે રસ્તે પોતાને દેશ પાછા ગયા. એથી હેરોદનો રોષ એકદમ ભભૂકી ઊઠયો અને તેણે બાળ ઈસુને મારી નાખવાની યોજના કરી.

આ પ્રસંગે એક દેવદૂત ઈસુની વહારે આવે છે. માથ્થી લખે છે. "તે લોકોના ગયા પછી દેવદૂતે યોસેફને સ્વપ્નમાં દર્શન દઇને કહ્યું, 'ઊઠ, બાળકને અને તેનાં માતાને લઇને મિસર ભાગી જા, અને હું કહું નહિ ત્યાં સુધી ત્યાં જ રહેજે, કારણ, હેરોદ એ બાળકને શોધી કાઢીને મારી નાખવાની પેરવીમાં છે.'

"એટલે યોસેફ ઊઠયા અને બાળક અને તેનાં માતાને લઇને રાતોરાત મિસર ચાલ્યા ગયા, અને હેરોદના મરણ સુધી ત્યાં રહ્યા" ( માથ્થી ૨, ૧૩-૧૪).

દેવદૂત ફરી એક વાર ઈસુની કસોટી વખતે ઈસુના જીવનમાં દેખા દે છે. ઈસુને કસોટીમાં ફસાવવા સેતાન નિષ્ફળ ગયો ત્યારે દેવદૂત ઈસુની વહારે થયો. "આ પછી સેતાન તેમને છોડીને ચાલ્યો ગયો, એટલે દેવદૂતો આવીને તેમની સેવા કરવા લાગ્યા."(માથ્થી ૪, ૧૧).

પોતાના ત્રણ વર્ષના જાહેર જીવન દરમિયાન ઈસુએ ઘણી વાર દેવદૂતોની વાત કરી છે.

શિષ્યોએ ઈસુ પાસે  જંગલી ઘાસનો દૃષ્ટાંતબોધ સમજાવવા માગણી કરી ત્યારે ઈસુએ દૃષ્ટાંતબોધના ખુલાસામાં દેવદૂતોનો ઉલ્લેખ કયોર્ છે.

"પણ જંગલી ઘાસ તે સેતાનની પ્રજા છે; અને તેને વાવનાર દુશ્મન તે સેતાન છે. લણણી એ યુગનો અંત છે, અને લણનારા તે દેવદૂતો છે. અને જેમ ઘાસ ભેગુ ં કરીને અગ્નિમાં બાળી મૂકવામાં આવે છે, તેમ યુગના અંત વખતે પણ થશે:  માનવપુત્ર પોતાના દૂતોને મોકલશે, અને તેઓ તેના રાજ્યમાંથી બધા પાપ કરનારા ને કરાવનારાઓને ભેગા કરી ભડભડતા અગ્નિમાં નાખશે. " (માથ્થી ૧૩, ૩૭ - ૪૨).
લૂક જણાવે છે કે દેવદૂતો સ્વગીર્ય મહેલમાં પ્રભુની સેવામાં સતત હાજર છે. એટલે ઈસુ કહે છે, "હું તમને કહું છું કે, જે કોઇ લોકો આગળ મારો સ્વીકાર કરશે તેનો માનવપુત્ર પણ દેવદૂતો સમક્ષ સ્વીકાર કરશે; પણ જે કોઇ લોકો સમક્ષ મારો ઇન્કાર કરશે તેનો દેવદૂતો સમક્ષ ઇન્કાર કરવામાં આવશે."(લૂક ૧૨, ૮-૯)

ફરીવારે 'ખોવાયેલા ઘેટું'ના દૃષ્ટાંત પછી ઈસુ કહે છે, "એ જ રીતે હું તમને કહું છું કે, પશ્ચાતાપ કરનાર એક પાપી માટે પણ ઈશ્વરના દૂતોમાં આનંદ વ્યાપી જાય છે" (લૂક ૧૫, ૧૦).

જુદી જુદી ભાષાઓ અને સંસ્કૃતિમાં રક્ષકદૂતની વાત આવે છે. ઈસુ દેવદૂતોને બાળકોના રક્ષક દૂત તરીકે ઓળખાવે છે. "જોજો! આ નાનેરા જનોમાંથી કોઇની અવગણના કરશો નહિ; કારણ, હું તમને કહું છું કે, એમના દેવદૂતો સ્વર્ગમાં સતત મારા પરમપિતાનું પ્રત્યક્ષ દર્શન પામે છે" (માથ્થી ૧૮, ૧૦).

કટોકટીના સમયે ઈસુની ધરપકડ કરવામાં આવી ત્યારે પોતાની તલવારથી બચાવવા મથેલા એક શિષ્યને તેમણે કહ્યું હતું કે "તું શું એમ માને છે કે, હું મારા પિતાની મદદ માગી શકું તેમ નથી, અને તે મને તત્ક્ષણ દેવદૂતોની બારથી પણ વધારે સેના ન મોકલી આપે?" (માથ્થી ૨૬, ૫૩).

એક શ્રીમંત અને એક ગરીબ માણસ લાઝરસની વાતમાં ઈસુએ દેવદૂતોની વાત કરી છે. "હવે એવું બન્યું કે, એ ગરીબ માણસ મરી ગયો, અને દેવદૂતો તેને અબ્રાહામ પાસે લઇ ગયા. પેલો શ્રીમંત પણ મરી ગયો અને તેને દફનાવવામાં આવ્યો" (માથ્થી ૨૬, ૨૨).

ઈસુ કહે છે કે દેવદૂતો માનવપુત્રના છેલ્લા આગમન વખતે એમને અનુસરશે. "એટલે જો કોઇ મારો અને મારાં વચનોનો સ્વીકાર કરતાં શરમાશે, તો માનવપુત્ર પણ જ્યારે પોતાનો, પિતાનો અને પવિત્ર દેવદૂતોનો મહિમા ધારણ કરીને આવશે, ત્યારે તેનો સ્વીકાર કરતાં શરમાશે" (લૂક ૯, ૨૬).

વળી માનવપુત્રના આગમન વખતે દેવદૂતો વરેલા લોકોને ભેગા કરશે. "રણશિંગાના નાદ સાથે તે પોતાના દૂતોને મોકલશે, અને તેઓ ક્ષિતિજના આ છેડાથી પેલા છેડા સુધીની ચારે દિશામાંથી તેના વરેલાઓને ભેગા કરશે" (માથ્થી ૨૪, ૩૧).

ઈસુના પુનરુત્થાન પછી આપણે બે દેવદૂતોને એમની કબર પર જોઇએ છીએ. યોહાને એ દૃશ્યનું બરાબર વર્ણન કર્યું છે. "પણ મરિયમ બહાર કબર પાસે રડતી ઊભી રહી. રડતાં રડતાં તેણે કબરમાં નીચા નમીને જોયું તો ઈસુનું શબ જ્યાં મૂકેલું હતું ત્યાં સફેદ વસ્ત્રધારી બે દેવદૂતો બેઠેલા હતા, એક ઓશીકે અને બીજો પાંગતે" (યોહાન ૨૦, ૧૧-૧૨).

'પ્રેષિતોના ચરિતો'માં તેમજ નવા કરારના બીજા કેટલાંક ગ્રંથોમાં દેવદૂતોને પ્રેષિતોને મદદ કરતા જોઇએ છીએ. એક દેવદૂત પ્રેષિતોને એમના કેદખાનામાંથી મુક્ત કરી બહાર લાવતા જોઇએ છીએ. "પણ પ્રભુના એક દૂતે રાત્રે કેદખાનાના દરવાજા ખોલી નાખી તેમને બહાર લાવીને કહ્યું, જાઓ, અને મંદિરમાં ઊભા રહીને લોકોને આ નવા જીવનની બધી વાતો સંભળાવો. આ સાંભળીને તેમણે પરોઢના અરસામાં મંદિરમાં દાખલ થઇને લોકોને ઉપદેશ આપવા માંડ્યો" (પ્રેષિતોનાં ચરિતો ૫, ૧૯-૨૧).

હિબ્રૂઓ પ્રત્યેના પત્રમાં તથા 'દર્શન' ગ્રંથમાં આપણને દેવદૂતો અંગે ઘણા ઉલ્લેખો જોવા મળે છે. હિબ્રૂઓ પ્રત્યેના પત્રના પ્રથમ અધ્યાયમાં જ દેવદૂતોને ઈસુના પરિચારક આત્માઓ તરીકે બતાવવામાં આવ્યા છે. "દેવદૂતો તો જેઓ મુક્તિ પ્રાપ્ત કરનાર છે તેમની સેવા કરવાને મોકલાતા શું પરિચારક આત્માઓ જ નથી?" (હિબ્રૂઓ ૧, ૧૪).

દેવદૂતો અંગેનો છેક છેલ્લો ઉલ્લેખ આપણને 'દર્શન' ગ્રંથના અંતમાં મળે છે. "મેં ઈસુએ, ધર્મસંઘોને વિશે આ વાતો તમને જણાવવા દેવદૂતને તમારી પાસે મોકલ્યો છે. હું દાવિદનો વંશજ અને તેનું સંતાન છું; તેજસ્વી પ્રભાત-તારક છું" (દર્શન ૨૨, ૧૬).

દેવદૂતોના અસ્તિત્વ અંગે ખ્રિસ્તીઓમાં ભિન્ન ભિન્ન માન્યતાઓ પ્રવર્ત્તે છે. કેટલાક પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયો દેવદૂતોના અસ્તિત્વની અવગણના કરે છે. કૅથલિક તથા ઓર્થોર્ડોક્સ ખ્રિસ્તીઓ દેવદૂતોના અસ્તિત્વમાં દ્રઢપણે માને છે.

બાઇબલના નિષ્ણાત રોનાલ્ડ બ્રાઉનરિગ "હૂસ હૂ ધ ન્યૂ ટેસ્ટામેન્ટ"માં કહે છે, "હિપ્પોના સંત અગુસ્તીનથી માંડી ફ્રાન્સિસ આસીસી અને જોવાન ઓફ આર્ક સુધી સાદા સીધા અને નમ્ર ખ્રિસ્તીઓ માને છે કે તેઓ હમેશાં દેવદૂતોના માર્ગદર્શન અને રક્ષણ મેળવતા રહે છે."